**તાપમાન**
મહત્તમ : ૩૫.૦ ડીગ્રી
લઘુતમ : ૧૬.૦ ડીગ્રી
ભેજ
સવારે ૪૫ ટકા ● સાંજે ૧૫ ટકા

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૩૪૮ | ૨૯ ફેબ્રુઆરી, ૨૦૧૬, સોમવાર ; મહા વદ - ૬ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦



## રોહિત વેમુલા મુદ્દે આજે સંસદમાં ઘમસાણની શક્યતા

નવી દિલ્હી,તા. ૨૮

હૈદરાબાદ સેન્ટ્રલ યુનિવર્સિટીના વિદ્યાર્થી રોહિત વેમુલાની આત્મહત્યા ઉપર સંસદમાં આપવામાં આવેલા કેન્દ્રિય મંત્રી સ્મૃતિ ઈરાનીના નિવેદનને લઈને ભાજપે તેમને સાથ આપવાનો નિર્ણય કર્યો છે. ભાજપે આજે બચાવ કરતા કહ્યું હતું કે, કેન્દ્રીય મંત્રી દ્વારા આપવામાં આવેલા નિવેદન પોલીસના નિવેદન ઉપર આધારિત હતા. વિરોધ પક્ષો વેમુલાના પરિવારજનોના નિવેદનને લઈને સ્મૃતિના નિવેદનને ગેરમાર્ગે દોરનાર ગણાવી રહ્યા છે. આ મુદ્દે સંસદમાં આવતીકાલે સોમવારે જોરદાર ધમસાણ થવાની શક્યતા દેખાઈ રહી છે. મુખ્ય વિરોધ પક્ષ કોંગ્રેસ દ્વારા સ્મૃતિ ઈરાનીને ભીંસમાં લેવાના પ્રયાસ કરવાની તૈયારી કરી છે.

# આજે અંદાજપત્ર

### આવકવેરા મુક્તિ મર્યાદા વધારાની આશા : મેક ઇન ઇન્ડિયા કોન્સેપ્ટ અને કૃષિ પર મુખ્ય ધ્યાન અપાય તેવી શક્યતા : ફ્યુઅલ કિંમતો ઘટાડી અચ્છે દિનનો અનુભવ કરાવવાની જેટલી પાસે સુવર્ણ તક : સ્ટાર્ટઅપને ટેક્સબ્રેક મળે તેવી પણ વકી




નવીદિલ્હી,તા. ૨૮

નાણાંપ્રધાન અરૂણ જેટલી આવતીકાલે કરોડો લોકોની અપેક્ષા અને તમામ ક્ષેત્રોના ઉદ્યોગોની ઉત્સુકતા વચ્ચે વર્ષ ૨૦૧૬-૧૭ માટેનુ સામાન્ય બજેટ રજૂ કરવા જઈ રહ્યા છે. અનેક પ્રકારની લોકોની અપેક્ષા અને અનેક પ્રકારના જટિલ પડકારો વચ્ચે નાણાંપ્રધાન અરૂણ જેટલી બજેટ રજૂ કરશે. બજેટમાં દેશના તમામ વર્ગને રાજી રાખવાની બાબત તેમના માટે સરળ રહેશે નહી.જેટલી મુળભૂત મુક્તિ મર્યાદાને વર્તમાન ૨.૫૦ લાખથી વધારીને ૨.૭૫ લાખ કરી શકે છે. છેલ્લા બજેટમાં બેઝિખ મુક્તિ મર્યાદામાં કોઈ વધારો કરાયો ન હતો. બચતને પ્રોત્સાહન આપવામાં આવી શકે છે.

બજેટમાં સામાન્ય લોકો ઘણી બધી અપેક્ષાઓ રાખી રહ્યા છે. હાલમાં રિયલ એસ્ટેટ સેક્ટરમાં પણ મંદી પ્રવર્તી રહી છે જેથી આ સેક્ટરમાં તેજી લાવવાનો પણ પડકાર રહેલો છે. બીજી બાજુ કલમ ૮૦સી, ૮૦સીસીસી, ૮૦સીસીડી(૧) હેઠળ કપાત કરની મર્યાદા ૧.૫૦ લાખ સુધી યથાવત રાખવામાં આવે તેમ માનવામાં આવે છે.

આ ઉપરાંત હાઉસ પ્રોપર્ટી માટેની આવકને લઈને પણ કેટલીક જાહેરાતો થઈ શકે છે. બજેટમાં અન્ય કેટલીક જોગવાઈઓને લઈને તમામ

● અનુસંધાન પાન-૭ પર

## નિષ્ફળતામાં પણ સફળતા છુપાયેલી છે : વડાપ્રધાન

### મન કી બાત કાર્યક્રમમાં પરીક્ષા અને વિદ્યાર્થીઓનો મુદ્દો છવાયો : સચિન, વિશ્વનાથન આનંદ, મોરારી બાપુ, વૈજ્ઞાનિક સીએન રાવના સંદેશા અને સલાહ પણ દર્શાવી



નવીદિલ્હી, તા. ૨૮

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે રેડિયો કાર્યક્રમ મન કી બાતમાં બોર્ડ પરીક્ષાઓના મુદ્દે વિદ્યાર્થીઓને કેટલીક સલાહો આપી હતી. મોદીએ વિદ્યાર્થીઓને સલાહ આપતા કહ્યું હતું કે, પરીક્ષા માર્ક મેળવવાની રમત નથી. પોતાને સ્પર્ધામાં ઉતારવાની જરૂર છે. મન કી બાત કાર્યક્રમમાં મોદીએ જાણિતા ક્રિકેટર અને રાજ્યસભા સાંસદ સચિન તેંડુલકર તથા ચેસ ખેલાડી વિશ્વનાથન આનંદના અનુભવને પણ પોતાના કાર્યક્રમમાં જોડ્યા હતા અને વિદ્યાર્થીઓને પરીક્ષા પહેલા કેટલીક જરૂરી સલાહ આપી હતી. સચિન તેંડુલકરના સંદેશાને તમામ સમક્ષ રજૂ કરતા મોદીએ કહ્યું હતું કે, પરીક્ષાને માર્કના ખેલ તરીકે ગણવામાં આવે તે યોગ્ય નથી.

બીજા સાથે નહીં પરંતુ પોતાની સાથે સ્પર્ધા કરવા મોદીએ કહ્યું હતું કે, સફળતા અને નિષ્ફળતાની બાબતમાંથી મુક્ત થઈને મેદાનમાં રહેવા મોદીએ કહ્યું હતું. મોદીએ કહ્યું હતું કે, આવતીકાલે તેમની પણ પરીક્ષા છે. કારણ કે, સામાન્ય બજેટ છે. વિજ્ઞાનમાં રસ દર્શાવવા મોદીએ અપીલ કરી હતી. પરીક્ષા માટે ટીમ બનાવીને યોજના સાથે આગળ વધવામાં આવે તે જરૂરી છે. નિષ્ફળતામાં પણ સફળતા છુપાયેલી હોય છે. જો મેદાનમાં મક્કમતા સાથે રહીશું તો ભય પણ ભયભીત રહેશે. વૈજ્ઞાનિકો ખુબ ઓછા શબ્દોમાં પોતાની બાબતો રજૂ કરી દે છે. મોદીએ કહ્યું હતું કે, જે વિદ્યાર્થીઓ યોગ કરી રહ્યા છે તે વિદ્યાર્થીઓ પરીક્ષા દરમિયાન પણ યોગ જારી રાખે તે જરૂરી છે. મોરારી બાપુના સંદેશનો પણ ઉલ્લેખ કર્યો હતો જેમાં શાંતિથી પરીક્ષા આપવા માટે મોરારીબાપુએ વિદ્યાર્થીઓને કહ્યું હતું.

● અનુસંધાન પાન-૭ પર

# મુંબઈમાં પરિવારના જ ૧૪ની ક્રુર હત્યા

### વહેલી પરોઢે બનેલા બનાવથી સમગ્ર દેશ હચમચી ઉઠ્યું : હત્યારા શખ્સે પોતે પણ આત્મહત્યા કરી : મૃતકોમાં સાત બાળકો, છ મહિલા, એક પુરુષનો સમાવેશ : હત્યાના કારણોના મામલામાં તપાસ : એકનો બચાવ

મુંબઈ,તા. ૨૭

મહારાષ્ટ્રના થાણેમાં સામૂહિક હત્યાકાંડનો ચોંકાવનારો મામલો સપાટી ઉપર આવ્યો છે. આજે વહેલી પરોઢે થાણેમાં એક શખ્સે પોતાના જ પરિવારના ૧૪ લોકોની ઘાતકી હત્યા કરી દીધી હતી. ગળુ દબાવીને હત્યા કરવામાં આવી હોવાની વિગત ખુલતા ખળભળાટ મચી ગયો છે. આ હત્યારા શખ્સે પોતે પણ આત્મહત્યા કરી લીધી હતી. સંપત્તિ વિવાદની કોઈ શંકા પ્રાથમિક રીતે દેખાઈ રહી નથી. મૃતકોમાં સાત બાળકો, છ મહિલાઓ અને એક પુરુષનો સમાવેશ થાય છે. હત્યાના કારણોમાં તપાસ ચાલી રહી છે. શિકાર થનારમાં સાત બાળકો છે જેમાં ચાર છોકરા અને ત્રણ છોકરીઓનો સમાવેશ થાય છે. છ મહિલાઓ પણ સામેલ છે. કાસારવડવાલીના રહેવાસી હસનૈન અનવરે ગઈકાલે રાત્રે પોતાની બહેનોને દાવત પર બોલાવી હતી. હસનૈનની ચાર બહેનો છે. આ ચાર બહેનો નવી મુંબઈના કોપર ખેરનેમાં અને ત્રણ બહેનો ભિવંડીમાં રહે છે. તમામ બહેનો પોતાના બાળકોની સાથે હસનૈનના આવાસ પર આવી હતી. થાણે પોલીસ અધિકારી પરમવિરસિંહે માહિતી આપતા કહ્યું છે કે, શરૂઆતી તપાસમાં આની પાછળ કોઈ પારિવારીક વિવાદ દેખાય છે પરંતુ વાસ્તવિક માહિતી તપાસ બાદ જ જાણી શકાશે. હસનૈન મુંબઈની એક

● અનુસંધાન પાન-૭ પર

# મહેસાણામાં પાટીદાર મહિલાઓનું શક્તિ પ્રદર્શન

### સમગ્ર ગુજરાતમાંથી મોટી સંખ્યામાં મહિલાઓ ઉમટી પડી : હાર્દિક પટેલ અને અન્યોને મુક્ત કરવા, પાટીદારો સામેના કેસ પાછા ખેંચવા અને અન્ય જુદી જુદી માંગણીઓ કરાઈ

## લાલજી પટેલે એસપીજીના અધ્યક્ષપદેથી રાજીનામુ આપ્યું

### મહિલા સંમેલનના મંચ પર જતા અટકાવાતા ભારે હોબાળો થયો : સમાજે જ અપમાન કર્યું છે : લાલજી પટેલની પ્રતિક્રિયા



મહેસાણા, તા. ૨૮

મહેસાણામાં પાટીદાર મહિલા સંમેલનમાં આજે પાટીદાર અગ્રણી નેતા લાલજી પટેલનો જોરદાર હુરિયો બોલાવવામાં આવ્યો હતો. એસપીજી પ્રમુખ લાલજી પટેલનો વિરોધ કરવામાં આવ્યા બાદ મોડેથી લાલજીએ એસપીજીના અધ્યક્ષ પદેથી રાજીનામુ આપી દીધું હતું. લાલજી પટેલે કહ્યું હતું કે, રાજકારણથી પ્રેરિત થઈને તેમનો વિરોધ કરવામાં આવ્યો હતો. જો કે, લાલજી પટેલે તરત કન્વીનર પદેથી રાજીનામુ આપી દીધું હતું. લાલજીએ આ સંદર્ભમાં કોઈ વધારે પ્રતિક્રિયા આપી ન હતી. પાટીદાર મહિલા સંમેલનની શરૂઆત થતાં જ પાટીદારો દ્વારા તેમનો વિરોધ શરૂ થઈ ગયો હતો. તમામ પાટીદારો દ્વારા તેમનો વિરોધ કરાયો હતો. લાલજી પટેલ સામે સુત્રોચ્ચાર કરાયા હતા. એસપીજીના અધ્યક્ષ લાલજી પટેલને મંચ ઉપર પણ જવા દેવાની તક અપાઈ ન હતી. આ સંદર્ભમાં લાલજીએ મોડેથી પોતાની પ્રતિક્રિયા આપી હતી અને કહ્યું હતું કે, સમાજ માટે તેઓ સેવા કામ કરી રહ્યા હતા. સમાજે જે તેમનું અપમાન કર્યું છે જેથી તેઓ

રાજીનામુ આપી રહ્યા છે. સંમેલનમાં એસપીજીના અધ્યક્ષ લાલજી પટેલ સ્ટેજ પર ન બોલાવાતા પાસ અને એસપીજીના કાર્યકરો વચ્ચે બોલાચાલી શરૂ થઈ ગઈ હતી. વિરોધ કરીને લાલજી પટેલને નીચે ઉતારી દેવાયા હતા. લાલજી સાથે ધક્કામુકી કરાઈ હોવાના અહેવાલ પણ મળ્યા છે. જો કે, આને સમર્થન મળ્યું નથી. મોડેથી લાલજી પોતે જ કાર્યક્રમ છોડીને જતા રહ્યા હતા.

અમદાવાદ,તા. ૨૮

જુદી જુદી માંગણીઓને લઈને પાટીદાર મહિલા મહાસંમેલનનું આજે આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મહિલાઓએ જોરદાર શક્તિ પ્રદર્શન કર્યું હતું. આમા ૫૦ હજારથી પણ વધુ મહિલાઓ પહોંચી હતી. રાજ્યભરના પાટીદાર અગ્રણીઓ, કન્વીનરો, આંદોલન દરમિયાન મૃત્યુ પામેલા લોકોના સગાસંબંધીઓ, હાર્દિકના સગા સંબંધીઓ, હાર્દિકના માતા-પિતા, કેતન, ચિરાગ અને દિનેશના સગા સંબંધીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત ધારીના ધારાસભ્ય નલીન કોટડિયા ઉપસ્થિત રહ્યા હતા અને આ મહાશક્તિ પ્રદર્શનમાં પાટીદારોને તોડવાના પ્રયાસ થઈ રહ્યા હોવાના અભિપ્રાય વ્યક્ત કરવામાં આવ્યા હતા. આંદોલનને તોડી પાડવાના પ્રયાસનો મુદ્દો ઉઠાવાયો હતો. અને એમ પણ કહેવામાં આવ્યું હતું કે, વિઠ્ઠલ રાદડિયા સરકારના ઈશારે કામ કરી રહ્યા છે. મુખ્ય બાબત એ હતી કે, આ મહિલા સંમેલનમાં કેટલાક હેતુ રહ્યા હતા જે પૈકી હાર્દિક પટેલ અને અન્યોને જેલમાંથી મુક્ત કરવા, પાટીદારોની માંગણીને સ્વીકારવા અને પાટીદારો સામે રહેલા કેસોને પરત ખેંચવાનો સમાવેશ થાય છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર સંમેલનમાં એસપીજીના અધ્યક્ષ લાલજી પટેલને સ્ટેજ પર ન બોલાવતા હોબાળો થયો હતો તેથી પાસ અને એસપીજીના કાર્યકરો વચ્ચે બોલાચાલી થઈ હતી તેથી લાલજી પટેલનો વિરોધ તેમને સ્ટેજ પરથી નીચે ઉતારી દેવાયા હતા. સૂત્રોએ કહ્યું હતું કે, લાલજી પટેલ સાથે ધક્કામુક્કી પણ કરાઈ હતી જેથી વિરોધ બાદ લાલજી પટેલ કાર્યક્રમ છોડીને જતાં રહ્યા હતા. આજે બપોરે બે કલાકે મહેસાણામાં મહાસંમેલન શરૂ થયું હતું. સંમેલનમાં હજ્જારોની સંખ્યામાં પાટીદાર મહિલાઓ ઉમટી પડી હતી. રાજદ્રોહના કેસમાં જેલમાં બંધ કેતન પટેલ, દિનેશ બાંભણિયા, ચિરાગ પટેલના પરિવારજનો પણ આ સંમેલનમાં જોડાયા હતા. હાર્દિક પટેલની મુક્તિ આ સંમેલનનો મુખ્ય ઉદ્દેશ્ય હતો. સંમેલનમાં ભાગ લેવા માટે સવારથી જ મહેસાણામાં હજ્જારોની સંખ્યામાં મહિલા પાટીદારો આવી હતી. મહેસાણામાં અવસર પાર્ટી પ્લોટના સામેના મેદાનમાં આ સંમેલન યોજાયું છે. જેને મોડી સાંજે શનિવારે મંજુરી મળી હતી. સંમેલનને પગલે મહેસાણા પોલીસ છાવણીમાં ફેરવાઈ ગયું હતું. આયોજનને લઈને મોઢેરા રોડ પોલીસ છાવણીમાં તબદીલ થયો હતો. કાયદો વ્યવસ્થા જાળવવા પાટીદાર યુવાનો પણ જોડાયા હતા. એટલું જ નહીં સભાસ્થળ, મોટેરા ચોકડી પર ટ્રાફિક વ્યવસ્થામાં યુવાનો જોડાયા હતા. લગભગ એક હજારથી વધુ યુવાનો પોલીસના સહયોગમાં જોડાયા. આ સંમેલનનો ઉદ્દેશ્ય સમાજના દૂષણો સામે સામાજિક જાગૃત્તિ લાવવાનો હતો. આ કાર્યક્રમમાં મહિલા થાળી વેલણ સાથે પણ પહોંચી હતી.


Galaxy BPM
Required
Freshers & Experienced
Candidates with Excellent
Fluency in English for
US Process (Night Shift).
Attractive Salary
Incentives
+
Food Allowance
079 - 30252792,65442792
(10 am - 6 pm)

www.chipsairexp.com
પરદેશ પાર્સલ સેવા
CHIPS Express Pvt Ltd
10+ U.K. : 170/-
30+ U.S.A. : 260/-
30 + CANADA : 340/-
ATARIA, The Business Hub, Shop No. B-32, 'KH-O', Sargasan 4 Roads, Gandhinagar. M. 9227706105
Preeti Mall, F-2, Opp. City Mall-2, KALOL. M.: 9227706105, 9898036257
chipsairinternational@yahoo.co.in

બેઠક : નિસર્ગની નિરાંત અને અદ્યતન સુવિધામાં મનોમંથન...
YOUR OWN Resort
૧૦૦ની ક્ષમતાનો કોન્ફરન્સ હોલ

નિરવતાનો રવ...
bansari Greens
week-end home
ગ્રામભારતી પાસે, અલુવા, ગાંધીનગર-મહુડી રોડ
ફોન – (02764) 261181 / 82 | 99249 31224 | 98258 03299